ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી



વર્ષ : ૩
વર્ષ અંક : ૬
સળંગ અંક : ૧૮
જુલાઈ–ઓગસ્ટ : ૨૦૧૨

લવાજમ વિનાનું નિયતકાલીન માસિક

**સંપાદક**
મનીષ સુથાર
મદદનીશ શિક્ષક
શ્રી સમાદરા પ્રા.શાળા
તા.જિ:ખેડા
પિન.૩૮૭૧૨૦



**આ અંકના સૌજન્યદાતા**
શ્રી ડી.એસ.અસારી સાહેબ
કેળવણી નિરીક્ષક,
છીપડી બીટ,
તા.કઠલાલ, જિ : ખેડા.
(મો.) ૯૯૧૩૯ ૬૧૪૪૪

'મારીયા મોન્ટેસોરી'
( જન્મ : ૩૧.૮.૧૮૭૦ ; અવસાન : ૬.૨.૧૯૫૨)

## ૦ મારી વાત...૦

**– મનીષ સુથાર**

સુજ્ઞ સારસ્વત મિત્રો,

સાદર વંદન.'દીવાદાંડી'ના ઓગસ્ટ–૨૦૧૨ના અંકના માધ્યમથી આપ સૌને મળતાં હર્ષની લાગણી અનુભવું છું.મિત્રો ઓગસ્ટ માસ એટલે આપણી આઝાદીની ગૌરવશાળી વિરાસતને આપણા સુધી લઈને આવતો માસ.આપણી સ્વતંત્રતાના વૈભવી અને ગૌરવશાળી ઈતિહાસને યાદ કરી એની બુનિયાદ પર આપણાં બાળકોમાં આ વિરાસતને ઉતારવાનો આ રૂડો અવસર છે.

સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી પ્રસંગે આદર્શ અને શિસ્તબદ્ધ ધ્વજવંદન તો થાય જ;પણ સાથે બાળકોમાં આપણી સ્વતંત્રતા અને સંસ્કૃતિના સંસ્કારોને પોષણ મળે તેવો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ થાય તો સોનામાં સુગંધ ભળે.સાથે ગામલાકોની સારી એવી હાજરી પણ હોય.કેવો રૂડો અવસર ઉજવાય ! આવો આપણે આ અવસરને એની ગરીમા સાથે ઉજવીએ...

આ દિવસે રાષ્ટ્ર અને રાજયકક્ષાએ પણ ભવ્ય ઉજવણી થાય છે.આપણી આઝાદી અને સાંસ્કૃતિક વિરાસતની ઝાંખી કરાવતા કાર્યક્રમો પણ યોજાય છે.જેનું જીવંત પ્રસારણ વિવિધ ટી.વી. ચેનલો પર બતાવાય છે.બાળકો આ કાર્યક્રમો અચૂક જુએ એ માટે પ્રયત્નો કરીએ.અંતે આપ સૌનો ખૂબ સારો પ્રતિસાદ સાંપડી રહયો છે.એ માટે આપનો આભારી છું.

**"મા તુજે સલામ"**

## ૦ સાંકળિયું


(૧) મારી વાત......................૨

(૨) આટલો સંદેશો................૩

(૩)ચિત્રોની ભાષા..................૬

(૪) શિક્ષક શું કરી શકે ?. .........૭

(૫) વિશેષદિન ઊજવણી.........૧૧


## ૦ શિક્ષકોને/વાચકોને ૦

૦ પ્રાથમિક શિક્ષકોને ઉપયોગી,પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય,અભ્યાસપૂર્ણ ટૂંકા લેખો,માહીતિ, સમાચાર કે વિશેષતા આવકાર્ય છે.

૦ અસ્વિકૃત લેખો કે કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.

૦ જે તે લેખ કે વિચારો અંગેની જવાબદારી જે તે લેખકની રહેશે.

૦ જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહી.

૦ આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.

૦ આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

# ૦ આટલો સંદેશો ૦

**૦ સંકલન : મનીષ સુથાર**

આજનો યુગ એ ટેકનોલોજીનો છે.હવે તો અભણની વ્યાખ્યા પણ બદલાઈ છે.આજે તો જે આ ટેકનોલોજીને ન જાણે તે અભણ કહેવાય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે.ટેકનોલોજી આપણા કામને સરળ અને ઝડપી બનાવે છે.આજે તો શિક્ષણ જગતમાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ થઈ રહ્યો છે.ત્યારે આવો આપણે પણ આ માધ્યમોનો ઉપયોગ કરીએ.અને શિક્ષણમાં તેનો યોગ્ય અને વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ.નીચે કેટલીક ઉપયોગી શૈક્ષણિક વેબસાઈટસ્‌ના નામ આપ્યાં છે.જેના પર અઢળક શૈક્ષણિક સાહિત્ય ઉપલબ્ધ બનશે છે.આશા છે આપને ઉપયોગી બનશે.

**૧.વિકીમેપિયા**

http://wikimapia.org/

**૨.પી.ડી.એફ. અને પાવરપોઈન્ટ ફાઈલો માટે.**

http://ebookpp.com

ઉદા.http://ebookpp.com/an/animal-photos-ppt.html

**૩.બાળસાહિત્ય**

http://aksharnaad.com/category/gujarati-child-literature/

http://gujarati.webdunia.com/miscellaneous/kidzzone/

http://shivshiva.wordpress.com/

**૪.બાળસાહિત્ય**

http://vishvadeep.gujaratisahityasarita.org/

http://krishnashray.net/index.php/badsahitya/baalgito

http://aksharnaad.com/category/gujarati-child-literature/

http://tahuko.com/audiofilesfortahuko/tadhutabukalu.mp3

**૫.બાળ સબરસ ઈ મેગેઝિન**

http://www.sabrasgujarati.com/category/section/children/

**૬. ઝવેરચંદ મેઘાણી**

http://jhavezchandmeghani.com/

**૭. દ્રષ્ટિભ્રમ ઈમેજ**

http://www.ritsumei.ac.jp/kic/%7Eakitaoka/index-e.html

**૮. આરોગ્ય માટે**

http://gujarati.aarogy.com/

**૯. શાળાને ઉપયોગી પત્રકો માટે**

http://www.shixan.tk/

**૧૦.શૈક્ષણિક સામગ્રી માટે**

www.edusafa.com
www.abhyaskram.com
www.gujarateducation.gov.in
www.ptubhavnagar.net

**આપણા ઘણા પ્રાથમિક શિક્ષકશ્રીઓ દ્વારા બ્લોગ ચલાવવામાં આવે છે.અને આ બ્લોગ પર તેઓ આપણને ખૂબ ઉપયોગી થઈ શકે તેવી માહિતી,ફાઈલો મૂકતા હોય છે.જે ડાઉનલોડ પણ કરી શકાય છે.નીચે કેટલાક બ્લોગની યાદી આપી છે.આ બ્લોગની નિયમિત મૂલાકાત લેવાથી ઘણુંબધું ઉપયોગી સાહિત્ય મળશે અને આપણે પોતે પણ અપડેટ થતા રહીશું.**

- ♠ http://myzundala.blogspot.in/
- ♠ http://malshram.blogspot.in/
- ♠ http://malshram.webs.com/
- ♠ http://socialcm.wordpress.com/
- ♠ http://sureshbjani.wordpress.com/
- ♠ http://rajeswari.wordpress.com/
- ♠ http://hobbygujari.wordpress.com/
- ♠ http://okanha.wordpress.com/
- ♠ http://hobbygujari.wordpress.com/
- ♠ http://jadavnarendrakumar.blogspot.in/
- ♠ http://psuchchhad.blogspot.com/
- ♠ http://sarasvatinagarschool.blogspot.com/
- ♠ http://bmdpiyush.blogspot.com/
- ♠ http://mohanpuraprimaryschool.blogspot.com/
- ♠ http://vantdaprimaryschool.blogspot.com/

- http://shreebhachundaschool.blogspot.com/
- http://patanprimary.blogspot.com/
- http://crcmirzapar.blogspot.com/
- http://vasantkochara.blogspot.com/
- http://crcmirzapar.blogspot.com/
- http://crcsaidevalia.blogspot.com/
- http://crcnandej.blogspot.com/
- http://jivantshixan.blogspot.com/
- http://crcjunakankot.blogspot.com/
- http://crceral.wordpress.com/
- http://brcdhoraji.blogspot.com/
- http://brckodinar.blogspot.com/
- http://dietidar.blogspot.com/
- http://jitugozaria.blogspot.com/
- http://www.ravindrasarvaiya.blogspot.in/
- http://ghpatel.blogspot.in/
- http://gumadamasjidschool.wapka.mobi/index.xhtml
- http://navaujalaschool.co.in/
- http://jayantjoshi.wahgujarati.com/
- http://nileshajani.blogspot.com/



- **If the poor boy can not come to education, Education must go to him.**
- **જો જીવનમાં તમે કોઈ પણ ભૂલ કરી નથી,તો તમે ખોટા રસ્તે છો.**
- **એક હજાર વખત નિષ્ફળ જવાય તો પણ ફરી પ્રયત્ન કરો.**
- **ચારિત્ર્ય મારી ડીગ્રી છે,જીવન મારી પરીક્ષા છે અને સમગ્ર અમલ મારી યુનિવર્સિટી છે.**
- **શિક્ષણની ઈમારત એવી ચણજો કે એનું ખંડેર જોનાર પણ એની પ્રસંશા કરે.**

**– સ્વામી વિવેકાનંદ**

# ૦ ચિત્રોની ભાષા : ૧ (એક) ૦

૦ શ્રી વિનોદભાઈ પી. ત્રિવેદી,
મુખ્ય શિક્ષક,
દેવલિયા વર્ગ પ્રા.શાળા,
સી.આર.સી. નવી સુરેલી,
તા.શહેરા,જિ.પંચમહાલ.
(મો.) 7359369407

સારસ્વત મિત્રો ! આપણા ધોરણ : ૬ થી ૮ નાં નવાં પાઠયપુસ્તકોમાં સમાવિષ્ટ એકમોની આધારશીલા ચિત્રોની ભાષા પર રચાયેલ છે.આ નવાં પાઠયપુસ્તકોમાં ચિત્રદર્શન અને ચિત્રવર્ણનની અપેક્ષા રખાયેલી છે,જે સંપૂર્ણ મનોવૈજ્ઞાનિક અભિગમ અનુસાર છે.કારણ બાળક ચિત્રોની ભાષા ઝડપથી અને સહજ રીતે સમજે છે.તેનાથી તે દરેક વસ્તુ,દરેક ઘટનાઓ લાંબાગાળા સુધી યાદ રાખી શકે છે.ચિત્રના આધારે બાળકની નિરીક્ષણ શકિત વિકસે છે અને આ નિરીક્ષણ શકિતના આધારે બાળકોને ચિત્રવર્ણન તરફ લઈ જઈ શકાય છે.આથી બાળકનું અભિવ્યકત થવાનું કૌશલ્ય વિકસાવી શકાય છે.બાળકની મૌખિક અને લેખિત અભિવ્યકિત સમૃદ્ધ બનાવી શકાય છે.અને તેનાથી બાળકની યાદશકિતમાં પણ વધારો થાય છે.

દેશ–વિદેશના મનોવૈજ્ઞાનિકો અને શિક્ષણવિદોએ કરેલાં પરીક્ષણોના તારણો બતાવે છે કે દરેક માનવીની ગ્રહણશકિતનો ૮૦ % થી વધુનો આધાર તેની નિરીક્ષણ ક્ષમતા પર હોય છે.તેથી કોઈપણ બાળકની નિરીક્ષણ ક્ષમતાને યોગ્ય રીતે વિકસાવવામાં આવે તો તે બાળક શ્રેષ્ઠ વિદ્યાર્થી બની શકે છે અને સફળતા મેળવી શકે છે.

આપણા નવીન પાઠયપુસ્તકોમાં ચિત્રવર્ણનની તકો પૂરી પાડવાના હેતુથી એકમો મૂકાયા છે.જેમ કે...રેલવે સ્ટેશન (ધો.૬),મેળામાં (ધો.૭),બજારમાં (ધો.૮) વગેરે...આ એકમમાં આપેલ ચિત્ર દ્વારા આપણે જે પૂરક પ્રશ્નોત્તરી કરવાની

છે તેનું મુખ્ય હાર્દ શિક્ષણકાર્ય દ્વારા શ્રેષ્ઠ અને ઉત્તમ અભિવ્યકિત ખીલવવાનું ધ્યેય રહેલું છે.

સારસ્વત મિત્રો ! આપણે ચિત્રોની ભાષાને મહત્વ આપી ચિત્રદર્શન અને ચિત્રવર્ણનની વધુને વધુ તકો વર્ગખંડોમાં ઉભી કરીએ.અરે ! આ ચિત્રને આધારે સ્થાનિક પર્યાવરણમાં આવેલ ગ્રામપંચાયત,બસસ્ટેશન,આરોગ્યકેન્દ્ર,રોડ પરનાં બોર્ડ અને તેના પરના વિવિધ સંકેતો,જાહેરાતો,સમાચારપત્રોને પણ આપણા બાળકો સુધી ચિત્રોની ભાષા તરીકે લઈ જઈ ચિત્રદર્શન અને ચિત્રવર્ણનની ટેવ પાડીએ.સાથે સાથે પર્યાવરણની સજીવસૃષ્ટિમાંથી વનસ્પતિસૃષ્ટિ,પ્રાણીસૃષ્ટિ,જળસૃષ્ટિ,જીવજંતુસૃષ્ટિ આમ સમગ્ર વિવિધતાસભર સૃષ્ટિના નિરીક્ષણ,વર્ણન અને તારણોને અભ્યાસના એક ભાગ તરીકે વધુને વધુ સાંકળી લઈ બાળકની સમજશકિત,અભિવ્યકિત ખીલવણીના પાયાને વધુ મજબૂત કરવા આપણે પ્રયત્ન કરીશું.અને આમ કરવાથી નવીન પાઠયપુસ્તકોમાં મૂકાયેલ આ એકમોની હેતુસિદ્ધિ શકય બનશે.

આવો આપણે ચિત્રોની ભાષાને સમજી એનો મહત્તમ ઉપયોગ વર્ગખંડમાં કરીએ અને બાળકની અભિવ્યકિત અને નિરીક્ષણશકિતના વિકાસ માટે પ્રયત્નો કરીએ...

**( લેખાંક : ૨ વધુ આવતા અંકે...)**

---

## o શિક્ષક ધારે તે કરી શકે,બની શકે...

**o શ્રી કનૈયાલાલ ડી. મોચી**
**મ.શિ. પ.ફ.બુગઢ પ્રા.શાળા,**
**તા.સંતરામપુર,**
**જિ.પંચમહાલ,**
**પિન.૩૮૯૨૬૦.**

દરેક વ્યકિતના જીવનના ધ્યેય જુદા જુદા હોઈ શકે,પણ એક સામાન્ય ધ્યેય એ પણ હોવું જોઈએ કે આપણે જગતમાં જન્મ્યા છીએ તો જગતને કંઈક આપીએ.એવું કશુંક કરીએ કે જેથી વધારેમાં વધારે બહોળો સમાજ તમારા કાર્યોથી

લાભાન્વિત બને,શુભ અસરોની પ્રાપ્તિ કરે.રચનાત્મક કામ કરીને દરેક વ્યકિતએ અન્યને મદદરૂપ થવા પ્રયત્ન કરવો જોઈએ.જે હકારાત્મકતાની નિશાની છે.શિક્ષકોમાં બે પ્રકારના શિક્ષકો જોવા મળે છે.પ્રથમ એવા શિક્ષક જે ખરેખર શિક્ષક બનવા ઈચ્છતા હતા અને મહેનત કરી પોતાની ઈચ્છાથી શિક્ષક બન્યા હોય.બીજા એવા શિક્ષકો છે જે શિક્ષક બનવાની ઈચ્છા ધરાવતા ન હતા છતાં કોઈ કારણોસર આ વ્યવસાય પસંદ કરી લીધો છે.ત્યારે પોતાના અંતરની ઈચ્છાથી માત્ર ને માત્ર સેવાભાવના માટે આ વ્યવસાયમાં જોડાનાર પ્રથમ પ્રકારના શિક્ષકોને લાખ લાખ નમન.અને કોઈ કારણોસર આ વ્યવસાય પસંદ કરનાર તમામ શિક્ષકો પણ હૃદયની ભાવનાથી આ વ્યવસાયને અનુકૂળ થઈ બાળદેવોની સેવામાં લાગી જાય તેવી મારી અંતઃકરણની ઈચ્છા અને મા શારદાને પ્રાર્થના.

શિક્ષક બનવાથી અનેક ફાયદા છે.શિક્ષકનો વ્યવસાય એક એવો વ્યવસાય છે કે,જેમાં આપણે ધારીએ તેટલો સંતોષ મેળવી શકીએ છીએ અને વિકાસ પણ સાધી શકીએ છીએ.આ વ્યવસાય સ્વીકારી જ લીધો છે તો તેમાં ખૂંપી જઈએ.આપણા સમગ્ર શિક્ષકકાળ દરમ્યાન અનેક વિદ્યાર્થીઓ આપણા હાથ નીચેથી પસાર થાય છે.ત્યારે આ વિદ્યાર્થીઓમાં આપણે રેડેલા સંસ્કાર,જ્ઞાન ને લઈને બાળક અને તેમના મા–બાપ આપણને યાદ કરતા હોય છે.બાળકના ઘડતરમાં આપણી ભૂમિકા કંઈ ઓછી નથી !

શિક્ષક શું ન કરી શકે ? શિક્ષક ધારે તો સમાજમાં આમૂલ પરિવર્તન આણી શકે છે.શિક્ષક રાષ્ટ્રપતિ બની શકે છે અને સારો વૈજ્ઞાનિક પણ બની શકે છે અને બનાવી પણ શકે છે.શિક્ષક સારો સંગીતકાર અને સારો લેખક પણ બની શકે છે.આ દુનિયાને મહાનતમ માણસોની ભેટ શિક્ષક જ આપી શકે છે.જરૂર છે આપણી દુરંદેશીતા,નિષ્ઠા અને મહેનતની.

**જય શિક્ષક જય શિક્ષણ**

## આ માસના મહાનુભવો

| | |
|---|---|
| o રવિશંકર રાવળ ( જન્મ : ૧.૮.૧૮૯૨ ) | o આર્યભટ્ટ ( જન્મ : ૩.૮.૪૭૬ ) |
| o મધર ટેરેસા ( જન્મ : ૧૦.૮.૧૯૧૦ ) | o અરવિંદ ઘોષ ( જન્મ : ૧૫.૮.૧૮૭૨ ) |
| o દયાનંદ સરસ્વતી ( જન્મ : ૧૭.૮.૧૮૨૪ ) | o કવિ નર્મદ ( જન્મ : ૨૪.૮.૧૮૩૩ ) |
| o ઝવેરચંદ મેઘાણી ( જન્મ : ૨૮.૮.૧૮૯૬ ) | o ડો.જીવરાજ મહેતા ( જન્મ : ૨૯.૮.૧૮૮૯ ) |

## ૦ વિશેષદિન ઉજવણી ૦

### ૧૧ – ઓગસ્ટ
### ખુદીરામ બોઝની પુણ્યતિથિ




ભારત દેશમાં ઘણા દેશભકતો અને શૂરવીરો થઈ ગયા.એમાં ખુદીરામ બોઝનો પણ સમાવેશ થાય છે.ભારતના આ પનોતા પુત્રનો જન્મ બંગાળના મેદનીપુર જિલ્લાના મોહમતિ ગામમાં થયો હતો.અંગ્રેજ સરકાર સામે ખૂબ જ નાની વયમાં તેમણે બાથ ભીડી હતી.

તા.૧૧.૮.૧૯૦૮ના રોજ અંગ્રેજ સરકાર દ્વારા તેમને ફાંસી આપવામાં આવી.ફાંસીના માંચડા પર ખુદીરામે જાતે જ પોતાના ગળામાં દોરડું ભરાવ્યું હતું.કેવી નીડરતા અને બહાદુરી ! નાની ઉંમરે શહીદ થયેલા આ ખુદીરામની યાદ આજે પણ ભારતવાસીઓના હૃદયમાં બિરાજે છે.

**• આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :**

- દેશભકિતગીત સ્પર્ધા યોજી શકાય.
- ભારતદેશના સપૂતોનાં ચિત્રો દોરવાં.ચિત્ર સ્પર્ધા રાખી શકાય.
- શહીદોનાં જીવનચરિત્રો કહી શકાય.
- અમર શહીદોનો હસ્તલિખિત અંક તૈયાર કરી શકાય.
- દેશભકિત ગીત અંક બનાવી શકાય.
- દેશભકિતને લગતાં નાટક ભજવી શકાય.

---

### ૧૨ – ઓગસ્ટ
### વિક્રમ સારાભાઈ જન્મજયંતી



ડો.વિક્રમ સારાભાઈનો જન્મ ૧૨મી ઓગસ્ટ ૧૯૧૯ના રોજ અમદાવાદમાં થયો હતો.પિતાનું નામ અંબાલાલ  અને માતાનું નામ સરલાદેવી હતું.એમના પિતા ઉદ્યોગપતિ હતા.નાનપણથી જ વિક્રમભાઈને વિજ્ઞાન અને ગણિતના વિષયો ગમતા હતા.અણુશકિત અને અવકાશ સંશોધન ક્ષેત્રમાં એમનું યોગદાન વિશેષ રહ્યું છે.

## • આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :

- તેમના જીવનકવન વિશેની માહિતી પ્રાર્થના સંમેલનમાં આપવી.
- 'વિજ્ઞાન શાપરૂપ કે અભિશાપરૂપ' વિષય પર ચર્ચાસભા ગોઠવી શકાય.
- વૈજ્ઞાનિક અંક બનાવી શકાય.
- 'વિજ્ઞાન કિવઝ' યોજી શકાય.
- વિજ્ઞાનનાં સાધનોનું પ્રદર્શન યોજી શકાય.

## • વિક્રમ સારાભાઈની જીવન ઝરમર :

- ૧૯૧૯ : અમદાવાદમાં જન્મ
- ૧૯૩૫ : મેટ્રિક થયા
- ૧૯૩૫–૩૭ : ગુજરાત કોલેજમાં અભ્યાસ.
- ૧૯૩૭ :  કેમ્બ્રિજ ઈંગ્લેન્ડમાં અભ્યાસ શરૂ.
- ૧૯૪૦ : ગણિત અને પદાર્થ વિજ્ઞાનમાં બી.એ. થયા.
- ૧૯૪૨ : મૃણાલિબહેન સાથે લગ્ન.
- ૧૯૪૭ : 'કોસ્મિક રેઝ'ના સંશોધન બદલ કેમ્બ્રિજ યુનિવર્સિટીની પદવી.
- ૧૯૪૭ : પી.આર.એલ.ની સ્થાપના.
- ૧૯૪૯ : 'અટીરા'ની સ્થાપના.
- ૧૯૫૨ : પી.આર.એલ.ના મકાનનું ખાતમુહૂર્ત ડો.સી.વી.રામનના હસ્તે.
- ૧૯૫૪ : જવાહરલાલ નહેરૂના હસ્તે પી.આર.એલ.ના મકાનનું ઉદ્‌ઘાટન.
- ૧૯૬૧ : અણુશકિત પંચના સભ્ય તરીકે નિયુકિત.
- ૧૯૬૬ : અણુશકિત પંચના અધ્યક્ષ તરીકે નિયુકિત.
- ૧૯૬૬ : પદ્મભૂષણનો ઈલ્કાબ મળ્યો.

- ૧૯૬૬ : ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક યુનિયન્સના સભ્ય બન્યા.
- ૧૯૬૮ : બાહ્ય અવકાશના શાંતિપૂર્ણ ઉપયોગ અંગેની સંયુકત રાષ્ટ્રસંઘની પરિષદના વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ.
- ૧૯૭૦ : ઈન્ડિયન જીઓફિઝિકલ યુનિયનના પ્રમુખ.
- ૧૯૭૦ : આંતરાષ્ટ્રીય અણુપંચની ૧૪મી સભાના અધ્યક્ષ બન્યા.
- ૧૯૭૧ : બાહ્ય અવકાશના શાંતિપૂર્ણ ઉપયોગ અંગેની સંયુકત રાષ્ટ્રસંઘની પરિષદના વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ.
- ૧૯૭૧ : ૩૦મી ડિસેમ્બર થુમ્બા,ત્રિવેન્દ્રમ,કેરલ ખાતે અવસાન.
- ૧૯૭૨ : 'પદ્મવિભૂષણ'નો મરણોત્તર ઈલ્કાબ.

---

## ૧૫ – ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન




૧૫ ઓગસ્ટ આપણો સ્વાતંત્ર્ય દિન.આ દિવસે ભારત અંગ્રેજોની ગુલામીમાંથી મુકત થયો હતો.સ્વતંત્રતાનો આનંદ અનેરો હોય છે.ત્યારે બાળકોમાં દેશપ્રેમનાં બીજ રોપાય,બાળકો પોતાની માતૃભૂમિ પ્રત્યે ગૌરવ અનુભવે તે માટે શાળા કક્ષાએથી બાળકોને આ સંસ્કારો મળવા જરૂરી છે.સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી પ્રસંગે આપણી આઝાદી અને સાંસ્કૃતિક વિરાસતની જાળવણી અને સંવર્ધન માટે નીચે જેવા કાર્યક્રમોની ઊજવણી કરી શકાય.જેમાં આપણી આઝાદી,સાંસ્કૃતિક અને પર્યાવરણને લગતા વિષયો આધીન વિવિધ પ્રવૃત્તિ,સ્પર્ધા કે કાર્યક્રમો યોજી શકાય.

- **આ પ્રકારની પ્રવૃત્તિ યોજી શકાય :**
  - પ્રભાત ફેરીનું આયોજન કરવું.
  - ધ્વજવંદન બાદ વિવિધ કાર્યક્રમો યોજી શકાય – જેવા કે સાંસ્કૃતિક કાર્યક્રમ,રમતગમત વગેરે.
  - દેશભકિત ગીત સ્પર્ધા યોજી શકાય.

- ભારતના વિકાસ અને ગૌરવપૂર્ણ બાબતોનું પ્રદર્શન યોજી શકાય.
- નિબંધ સ્પર્ધા
- વક્તૃત્વ સ્પર્ધા
- ચિત્ર સ્પર્ધા
- સૂત્રલેખન સ્પર્ધા
- રંગોળી સ્પર્ધા
- દેશભકિત ગીત ગાન
- શૌર્યગીત ગાન
- વર્ગ સુશોભન
- શાળા સફાઈ/ગ્રામ સફાઈ
- નાટક
- એકપાત્રીય અભિનય
- આઝાદીને લગતા ચિત્રોનું પ્રદર્શન
- આઝાદીને કે દેશભકિતને લગતી ફિલ્મ બતાવવી
- વેશભૂષા
- રાસ–ગરબા કે નૃત્યની રજૂઆત




**<u>પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન</u>**

**મનીષ સુથાર**
**મદદનીશ શિક્ષક**
**પ્રાથમિક શાળા,સમાદરા.**
**તા.જિ : ખેડા.**
**પિન.૩૮૭૧૨૦**
**મો.૯૦૯૯૧૭૨૧૭૭**
**e-mail:manishsuthar123@gmail.com**


**TO.** **PRINTED METTER**

.......................................................

.......................................................

.......................................................

.......................................................

**PIN.**

**COMPOSED BY:Manish suthar,asst. teacher,prathmik shala samadara,ta & di:kheda**